सर्वे सन्तु निरामयाः
GUJARAT STATE COUNCIL FOR PHYSIOTHERAPY
GSCPT

# Gujarat State Council for Physiotherapy
## Gujarat State
## ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ફોર ફીઝીયોથેરાપી - ગુજરાત રાજ્ય

Government Spine Institute, Civil Hospital Campus, Asarwa, Ahmedabad-380016. Ph. : 079-22684201
ગર્વમેન્ટ સ્પાઈન ઈન્સ્ટીટયુટ, સીવીલ હોસ્પિટલ કમ્પાઉન્ડ, અસારવા, અમદાવાદ - ૩૮૦૦૧૬. ફોન : ૦૭૯-૨૨૬૮૪૨૦૧

Ref. No. : GSCPT/Adm./571/2020 Date : 29/05/2020

## ફિઝિયોથેરાપીમાં પ્રવેશ લેવા ઇચ્છતા વિધાર્થીઓ માટે જરૂરી માહિતી

**ફિઝિયોથેરાપી વિશે ટૂંકમાં સમજ:**

ફિઝિયોથેરાપી એ આધુનિક ચિકિત્સાપદ્ધતિની શાખા છે જે વિશિષ્ટ કૌશલ્યથી રોગની તપાસ, સારવાર અને રોગનિવારણ સહિતની આરોગ્ય સેવાઓ પુરી પાડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. ફિઝિયોથેરાપીસ્ટ એ દર્દીની શારીરિક અને કાર્યાત્મક ક્ષમતાની તપાસ દ્વારા નિદાન કરવામાં અને કસરત, આધુનિક વિધુત ઉપકરણોના ઉપયોગ તેમજ સલાહ દ્વારા નિવારક અને ઉપચારાત્મક આરોગ્ય સેવા પુરી પાડવા માટે ખુબ મહત્વનું માનવબળ છે. ફિઝિયોથેરાપી ચિકિત્સાપધ્ધતિની જરૂરિયાતવાળા દર્દીઓ માટે, ફિઝિયોથેરાપી ચિકિત્સાપધ્ધતિની અવેજીમાં અન્ય કોઈ વૈકલ્પિક ચિકિત્સાપદ્ધતિ અસ્તિત્વમાં નથી. લકવા પછી, ફ્રેક્ચર પછી, વિવિધ વૈકલ્પિક કે ફરજીયાત સર્જરી પહેલાં અને પછી, અપંગતા નિવારણ તથા સારવાર, ફેફસાં તથા હ્રદયનાં રોગો વગેરે તબીબી પરિસ્થિઓ તેમજ ICUમાં દાખલ દર્દી માટે, પ્રસુતિ દરમ્યાન અને પછી જરૂરી ફિઝિયોથેરાપીની સારવારનું મહત્વ અનન્ય છે. મોટી કંપનીઓ/પેઢીઓમાં, કાર્યકારી વાતાવરણમાં કર્મચારીની કાર્યક્ષમતાનો આકરણી કરી જરૂરી ફેરફાર અને માર્ગદર્શન આપી સ્વાસ્થ્યને લગતી તકલીફો અટકાવવા ફિઝિયોથેરાપિસ્ટનો ફાળો બહુમૂલ્ય છે. ફિઝિયોથેરાપી એક ઉમદા વ્યવસાય છે.

**ફિઝિયોથેરાપીની ચિકિત્સાપદ્ધતિ તરીકેની દેશ-વિદેશમાં માન્યતા:**

દુનિયાના બધા જ દેશોમાં ફિઝિયોથેરાપી, સ્થાનિક નિયમોને ધ્યાનમાં લઈને માન્ય ચિકિત્સાપદ્ધતિ છે.

**ફિઝિયોથેરાપીના અભ્યાસક્રમની માહિતી:**

૧. ફિઝિયોથેરાપીનો સ્નાતક અભ્યાસક્રમ Bachelor of Physiotherapy તરીકે ઓળખાય છે. જે સાડા ચાર વર્ષનો હોય છે. જેમાં ચાર વર્ષ અભ્યાસ અને છ માસની ઇન્ટર્નશિપનો સમાવેશ થાય છે.

૨. ફિઝિયોથેરાપીનો અનુસ્નાતક અભ્યાસક્રમ Master of Physiotherapy તરીકે ઓળખાય છે. જે બે વર્ષનો હોય છે. સ્નાતક પછી, જો વિદ્યાર્થી ઈચ્છે તો વધુ અભ્યાસ કરવા માટે, જુદી જુદી શાખામાં Master of Physiotherapyનો અભ્યાસ કરી શકે છે. જુદી જુદી શાખાઓમાં Neuromuscular, Musculoskeletal, Cardiopulmonary, Sports, Women's Health વગેરેનો સમાવેશ થાય છે.

૩. ફિઝિયોથેરાપીમાં ડોક્ટરેટ ડિગ્રી એટલે કે PhD પણ થઈ શકે છે. અનુસ્નાતક પછી જો વિદ્યાર્થી ઈચ્છે,

Gujarat State Council For Physiotherapy

તો વધુ અભ્યાસ કરવા માટે, ફિઝિયોથેરાપીને લગતા જુદા જુદા ક્ષેત્રમાં સંશોધન એટલે કે રિસર્ચ નક્કી કરીને PhDનો અભ્યાસ કરી શકે છે.

**ખાસ નોંધ:**

ફિઝિયોથેરાપિસ્ટ બનવા માટે ઓછામાં ઓછો સાડા ચાર વર્ષનો અભ્યાસક્રમ માન્ય છે. સાડા ચાર વર્ષથી ઓછા અભ્યાસક્રમવાળો કોઈ પણ અભ્યાસક્રમ ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફોર ફિઝિયોથેરાપી દ્વારા માન્ય નથી. જેની વાલીઓ અને વિધાર્થીઓએ ખાસ નોંધ લેવી.

**ફિઝિયોથેરાપીના અભ્યાસ્ક્રમ બાદ કારકિર્દીના વિકલ્પો:**

ફિઝિયોથેરાપીના અભ્યાસ્ક્રમ બાદ, ફિઝિયોથેરાપિસ્ટ નીચે મુજબના કારકિર્દી વિકલ્પ પસંદ કરી શકે છે:

૧. ખાનગી (Private) દવાખાનું

૨. સરકારી નોકરી (જિલ્લા કે ગ્રામ્ય કક્ષાની સરકારી હોસ્પિટલોમાં)

3. સ્પોર્ટ્સ ક્લબ માં સ્પોર્ટ્સ ફિઝિયોથેરાપિસ્ટ તરીકે

૪. ફિઝિયોથેરાપિની કોલેજોમાં શૈક્ષણિક સ્ટાફ તરીકે

૫. સંશોધન એકમોમાં વૈજ્ઞાનિક તરીકે

૬. હોસ્પિટલોમાં દાખલ દર્દીઓની સારવાર માટે

૭. ઘરડાઘર તેમજ નર્સિંગ હોમમાં

૮. જિમ્નેશિયમ/ હેલ્થ કલબ/ ફિટનેસ સ્ટુડિયો વગેરેમાં ફિટનેસ સલાહકાર તરીકે

૯. વ્યવહારિક રીતે, નહિવત રોકાણ દ્વારા, દર્દીના ઘરે જઈને દર્દીને ફિઝિયોથેરાપી સારવાર આપીને

૧૦.કંપનીઓ/પેઢીઓમાં, કાર્યકારી વાતાવરણમાં કર્મચારીની કાર્યક્ષમતાનો આકરણી કરી જરૂરી માર્ગદર્શક તરીકે

૧૧. વિદેશ જઈને ફિઝિયોથેરાપીની પ્રેકટીસ કરવી (સ્થાનિક નિયમોને ધ્યાનમાં રાખીને)

**વિધાર્થીઓ અને વાલીઓ માટે અગત્યની સૂચના:**

૧. ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફોર ફિઝિયોથેરાપીની માન્યતાવાળી કોલેજમાં જ એડમિશન લેવાનો આગ્રહ રાખો. વધુ માહિતી માટે સમયાંતરે કાઉન્સિલની વેબસાઈટ www.gscpt.in ની મુલાકાત લેવી.

૨. ફિઝિયોથેરાપી તે પૂર્ણ સમયનો અભ્યાસ્ક્રમ છે. જેમાં અભ્યાસ્ક્રમ દરમ્યાન પ્રાયોગિક તેમજ તબીબી જ્ઞાન મેળવવા માટે હાજરીનું ખુબ જ મહત્વ છે. ફિઝિયોથેરાપીમાં Distance Education પર સંપૂર્ણપણે પ્રતિબંધ છે. જેથી ગેરહાજરી ચલાવી લેવામાં આવે, એવી કોઈ કોલેજમાં પ્રવેશ લેવો નહિ. જો કોઈ કોલેજ દ્વારા આવું પ્રલોભન આપવામાં આવે તો તુરંત જ કોઉન્સિલને જાણ કરવી.

Gujarat State Council For Physiotherapy

Prakrut

રજીસ્ટાર ઇન્ચાર્જ

ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ફોર ફીઝીયોથેરાપી

ગુજરાત સ્ટેટ